ક્રિમીનલ કેસ નંબર 5309/1997

**<u>–:: આંક – ૧ ની અરજી લગત હુકમ ::–</u>**

વિ. એ.પી.પી.શ્રી ની આંક – તારીખ ૧૩–૦૭–૨૦૧૯ ની અરજી વંચાણે લીધી, રજુઆતો ધ્યાને લીધી તથા જિલ્લા કલેકટરશ્રીનો આદેશ ક્રમાંક નંબર જે–એકસ–ડોરમેન્ટ કેસ – ફા. નં. ૧૭૦/૧૯ તારીખ ૦૫–૦૭–૨૦૧૯ નો ધ્યાને લીધો. રેકર્ડ જોતા પુરતા પ્રયત્નો કરવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકતી નથી અને આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચિત કરી શકાતી નથી તેમજ નજીકના ભવીષ્યમાં પણ આરોપી મળી આવી શકે તેવી શકયતા નહીવત જણાય છે તેમજ હાલનો કેસ ઘણો જુનો હોય તથા સરકાશ્રીના ડોરમેન્ટ કેસો વિડ્રો કરવા અંગેના પરીપત્રના વ્યાપમાં પડતો હોય રજુઆતો ધ્યાને લેતા જો આવા ડેડવુડ કેસોનુ ભારણ ઘટે તો અસરકારક કેસો પર વધુ ધ્યાન આપી શકાય તેમ હોય એ.પી.પી.શ્રી ની હાલની અરજી જાહેર હીતમાં કરવામાં આવેલ હોવાનુ તથા શુભ નીષ્ઠા પુર્વક કરવામાં આવેલ હોવાનુ જણાતુ હોય સદર અરજી મંજુર કરવાથી ન્યાયનુ હીત જળવાશે તેમ જણાતુ હોય સદર ફોજદારી કાર્યવાહી પાછી ખેચી લેવાની હાલની પરવાનગી અરજી મંજુર કરવામાં આવે છે

આજ રોજ સ્પે. સીટીંગમાં હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યા

તારીખ ૧૩–૦૭–૨૦૧૯
સ્થળ :– રાજકોટ

પી. કે. રાય
૧૨માં અધિક ચીફ જયુડી મેજી
રાજકોટ
UIC CODE GJ01112